# વિધાનસભાનું ઐતિહાસિક સત્ર સંપન્ન

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વમાં વિધાનસભાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ : જીતેન્દ્રભાઈ વાઘાણી

રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત વિધાનસભાનું ઐતિહાસિક સત્ર સફળતાપૂર્વક સંપન્ન થયું છે. મુખ્યમંત્રીશ્રીના સાલસ સ્વભાવ અને નિખાલસ વ્યક્તિત્વના પરિણામે વિપક્ષના નેતાશ્રી સહિત સૌ સભ્યોના અપ્રતિમ સહયોગના પરિણામે બે દિવસનું સત્ર સફળતાપૂર્વક સંપન્ન થયું છે. તે બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યુ હતુ કે ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે ડો. નીમાબેન આચાર્યની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જયારે ઉપાધ્યક્ષ તરીકે શ્રી જેઠાભાઈ ભરવાડની વરણી કરવામાં આવી છે.

મંત્રીશ્રી વાઘાણીએ કહ્યું કે, બે દિવસના આ સત્રમાં રાજ્ય સરકારના મહત્વના નિર્ણયો, યોજનાકીય કામગીરી માટે યોજાયેલી પ્રશ્નોત્તરીમાં પણ વિપક્ષ-શાસક પક્ષના સૌ સભ્યો સમગ્ર કામગીરીમાં ખૂબ જ નિષ્પક્ષ રીતે સહભાગી થયા હતા. તેમણે ઉમેર્યુ કે ગૃહમાં રજૂ થયેલા ચાર સરકારી વિધેયકોમાં પણ વિપક્ષ સહિત સૌ સભ્યોએ ખુલ્લા મને ચર્ચા કરીને તમામ બિલો સર્વાનુમતે પસાર કરાયા છે, એ પણ એક ઐતિહાસિક ઘટના બની છે.

મંત્રીશ્રીએ બે દિવસીય વિધાનસભા સત્રની વિગતો આપતા કહ્યુ હતું કે, આ ચાલુ સત્રમાં કુલ ચાર વિધેયક વિના વિરોધે, સર્વાનુમતે પસાર કરાયા હતા. જેમાં નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૧ તથા ભારતનું ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૧; શ્રમ અને રોજગાર વિભાગનો સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્યમંત્રી શ્રી બ્રિજેશકુમાર મેરજાએ "કૌશલ્યાલ્લધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક ૨૦૨૧, જ્યારે શિક્ષણ વિભાગનું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) ૨૦૨૧ને સર્વાનુમતે વિના વિરોધે પસાર કરીને વિધાનસભા ગૃહમાં પક્ષ અને વિપક્ષે ગુજરાતની પ્રજાના હિતમાં નવી હકારાત્મક પહેલ કરી છે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

વિધાનસભા સત્રના છેલ્લા દિવસે વૃક્ષારોપણનું મહત્વ દર્શાવતો છેલ્લા દિવસનો પ્રસ્તાવ ધારાસભ્યશ્રી જીગ્નેશકુમાર સેવકે રજૂ કર્યો હતો. જેમાં વિવિધ ધારાસભ્યોશ્રીએ ચર્ચામાં ભાગ લઈને પોતાના વિચારો રજૂ કર્યા હતા. વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ ગુજરાતમાં વૃક્ષારોપણ થકી ઓક્સિજનનું સ્તર વધારવા, વૃક્ષારોપણનું મહત્વ અને રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા વિવિધ વનીકરણની પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપી હતી.

સમગ્ર સત્ર દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ કૃષિમંત્રી શ્રી આર.સી. ફળદુ, પૂર્વ ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિત સૌ સિનિયર મંત્રીશ્રીઓના માર્ગદર્શન થકી કામગીરી સુચારુ રીતે સંપન્ન થઈ છે.

સત્રના સફળ સંચાલન માટે વિપક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી અમીતભાઈ ચાવડા સહિત વિપક્ષના સૌ સભ્યો, સંસદીય મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, દંડક શ્રી પંકજભાઈ દેસાઈ સહિત શાસક પક્ષના સભ્યોએ જે સહયોગ આપ્યો એ બદલ સૌ સભ્યોનો તેમણે આભાર વ્યક્ત કર્યો છે.



**લેકાવાડા ગામે એન.એસ.જી. દ્વારા કામગીરી શરૂ કરવામાં આવતા ગ્રામજનો દોડી આવ્યા**

ગાંધીનગર નજીક લેકાવાડા ગામ ખાતે નેશનલ સિક્યોરીટી ગાર્ડને જમીન ફાળવવામાં આવતા ગ્રામજનોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે મંગળવારના રોજ એન.એસ.જી. દ્વારા ફાળવાયેલી જમીનમાં ટેન્ટ બાંધી કામગીરી શરૂ કરાતા ગ્રામજનો દોડી આવ્યા હતા પરંતુ ગ્રામજનોની જાણ પોલીસને થતા મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દેવાતા ગ્રામજનો સ્થળ પરથી જતા રહ્યા હતા.

# રેવા ગ્રામ ખાતે આત્મન ફાઉન્ડેશન દ્વારા સર્વ કલ્યાણ યજ્ઞ યોજાયો

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા આત્મન્ ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં માણસા તાલુકાના



મકાખડ ખાતે નિર્માણાધિન રેવા ગ્રામ સેવા સંકુલમાં સર્વના કલ્યાણની ભાવના સાથે યજ્ઞ - પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આત્મનના રેવા ગ્રામના ભૂમિપૂજનને એક વર્ષ થયું તે નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રતાપનગર ગામની બે શાળાના મળી કુલ ૧૨૦ જેટલાં બાળકો અને અન્ય વડીલો મળી અંદાજે ૨૫૦ લોકોએ ભોજન પ્રસાદ લીધો હતો. બાળકોને જાણીતા નાટ્યકાર-પત્રકાર કુંતલ નિમાવતે સરસ રમત રમાડી હતી. સંસ્થાના ચારૂબેન પટેલ અને મહેન્દ્રભાઈ પટેલ તરફથી બાળકોને ભેટ આપવામાં આવી હતી અને સી. એલ.મહેતા દ્વારા ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંકુલમાં વૃક્ષારોપણ પણ

કરવામાં આવ્યું હતું. અમદાવાદ, ગાંધીનગર, માણસા, વિજાપુર, દીવ -- એમ વિવિધ સ્થળેથી સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા. કૈલાસ યાત્રીઓ અને નર્મદા



પરિક્રમા કરનાર ભાવિકો પણ ઉપસ્થિત રહ્યા હતા. અનિલભાઈ દવેએ પૂજા - યજ્ઞવિધી કરાવ્યા હતા. સર્વશ્રી એચ.બી. વરિયા, દિવ્યાબેન વરિયા, રમેશભાઈ રાવલ, પ્રો. રાજેન્દ્રભાઈ સુથાર, દિનેશસિંહ ચાવડા, અનિલભાઈ રાવલ, પ્રહલાદભાઈ પટેલ, અમૃતભાઈ ચૌધરી, રશ્મિબેન શાહ, જયંતીભાઈ ચૌધરી, જ્યોતિબેન પંડ્યા, દેવાંગ ભરતભાઈ કવિ, કનૈયાલાલ ભટ્ટ, ડૉ. ભાવેશ દવે, અજય રાવલ, નિરંજનભાઈ શાહ, ડંકેશ ઓઝા, રાજુ - દીપ્તિ, સંજયભાઈ પટેલ, સુધીરભાઈ પટેલ, વડ વાવો અભિયાનના રજનીભાઈ પટેલ, ઉમંગ પટેલ, કિશોર જીકાદરા, એચ.કે. પ્રજાપતિ, ભાનુભાઈ દવે, જીતેન્દ્ર પટેલ, પ્રિયા પરિયાણી , તુળજારામ મહેશ્વરી, કિશોરભાઈ પટેલ, પ્રમુખભાઈ પટેલ, વર્ષાબેન દવે , ગજેન્દ્ર સિંહ વાઘેલા, ભરતભાઈ સોલંકી, પરાગ પંડ્યા વગેરે વિવિધ ક્ષેત્ર અને સંસ્થાના લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલે બધાને આવકાર્યા હતા. કાર્યક્રમમાં બાળકો અને વડીલોએ ખૂબ આનંદ માણ્યો હતો.

## વ્યાવસાયિક ઉચ્ચ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ માટે "સાયબેજ ખુશ્બુ શિષ્યવૃત્તિ"નું આયોજન

ગાંધીનગર તા.૨૮

ગાંધીનગરની સાયબેજ સોફ્ટવેર કંપનીના સાયબેજ ખુશ્બુ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અમદાવાદ તથા ગાંધીનગરમાં વસવાટ કરતા વિદ્યાર્થીઓ માટે "સાયબેજ ખુશ્બુ શિષ્યવૃત્તિ કાર્યક્રમ - ૨૦૨૧-૨૨" શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓઓને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

સાયબેજ ખુશ્બુ શિષ્યવૃત્તિ કાર્યક્રમ - ૨૦૨૧-૨૨ માટે અમદાવાદ તથા ગાંધીનગરમાં વસવાટ કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓ અરજી કરી શકે છે જેમાં વ્યાવસાયિક અભ્યાસક્રમો જેવાં કે એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર, મેડિસિન અને સંબંધિત અભ્યાસક્રમો જેમ કે ફાર્મસી, ડેન્ટિસ્ટ્રી, હોમિયોપેથી અને ફિઝીયોથેરાપી વગેરે નર્સિંગ, એમએસડબલ્યુ, બીસીએ, એમસીએ, હોટલ મેનેજમેન્ટ અને અન્ય વ્યાવસાયિક ડિગ્રી અભ્યાસક્રમોના ફક્ત પ્રથમ વર્ષના અરજદારોને લાગુ પડે છે. શિષ્યવૃત્તિ માટે જે લાયકાત માપદંડ નિયત કરાયાં છે તે અનુસાર અરજદારે બંને વર્ષમાં ઓછામાં ઓછા ૬૦%ની સાથે ૧૦ અને ૧૨ ધોરણ પાસ કર્યા હોવા જોઈએ તેમજ તેના પરિવારની કુલ વાર્ષિક આવક ૩ લાખથી ઓછી હોવી જોઈએ. તમામ અરજદારોએ ઓનલાઈન ફોર્મ ભરવું ફરજિયાત છે અને ઓનલાઈન ફોર્મ ભરવાની લિંક તા.૨૮મી સપ્ટેમ્બરથી તા.૨૮મી ઓક્ટોબર, ૨૦૨૧ સુધી ખુલ્લી રહેશે. આ યોજના અંગે વધુ માહિતી માટે સપ્તાહના સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન હિમાંશુભાઈનો મો.નં.૯૦૯૯૯ ૨૯૯૨૧ પર સંપર્ક કરવા જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાયબેજ ખુશ્બૂ એ સાયબેજની પરોપકારી પહેલ છે જે શિષ્યવૃત્તિ કાર્યક્રમો અને શિક્ષણ પરામર્શ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણની સુવિધા આપે છે.



**વોર્ડ નં.૪માં પાલજ ખાતે ભાજપના ચુંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન**

સોમવારે ગાંધીનગર મહાનગરના વોર્ડ નંબર-૪માં સમાવિષ્ટ પાલજ મુકામે ચુંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદયભાઈ કાનગડના હસ્તે કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપના ગાંધીનગર મહાનગરના મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ઉપપ્રમુખ અશોક મકવાણા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી પ્રજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ, મહાનગર બક્ષીપંચ મોરચાના મહામંત્રી કલ્પેશભાઈ બ્રહ્મભટ્ટ તથા અમિતભાઈ દેસાઈ સહિત વોર્ડ નં.૪ના ઉમેદવારો જસપાલસિંહ બિહોલા, ભરતભાઈ દિક્ષિત, દક્ષાબેન મકવાણા અને સવિતાબેન ઠાકોર હાજર રહ્યા હતા. આ સાથે ભાજપના કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં પાલજ વિસ્તારના મતદારો હાજર રહ્યા હતા.

# ગાંધીનગર ડેપોની છતમાંથી પાણી ટપકતા વગર વરસાદે ભીંજાતા મુસાફરો

## ડેપો સંકુલમાં બસમાં મુસાફરોના ખિસ્સા કપાય છે બીજીતરફ ડેપો સંકુલમાં બસની વાટે ઉભેલા મુસાફરોને સલામત છત પણ નસીબ થતી નથી

ગાંધીનગર તા ૨૮

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં છતમાંથી પાણી ટપકતા મુસાફરો પરેશાન છે. બસ માટે સ્ટેન્ડ પર વાટે ઉભેલા મુસાફરોને ભીજાવાનો વારો આવે છે. એકબાજુ વરસતા વરસાદમાં બહાર ઉભા રહેવાનુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે એસ ટી ડેપોના રીનોવેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવતી નથી બીજીતરફ મુસાફરોના ખિસ્સા કપાતા મુસાફરોની સલામતી જોખમાઈ છે. ત્યારે વરસતા વરસાદમાં પણ સ્માર્ટ ડેપોમાં મુસાફરો માટે ઉભા રહેવાનુ મુશ્કેલ બન્યુ છે.

શહેરના સેકટરોમાં વરસાદી દિવસોમાં ઠેર ઠેર પાણી ભરાયા છે. શહેરના સેકટરોમાં વરસાદી ભીંજારા વચ્ચે નતનવી સમસ્યાઓથી નાગરિકો ત્રસ્ત છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં સ્થિત જોખમી અને જુના જર્જરિત આવાસોમાં પણ છતમાંથી પાણી




ટપકતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. બીજીતરફ શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં પણ વરસાદી પાણી ટપકતા મુસાફરો માટે નવી સમસ્યા સર્જાઈ છે. એકબાજુ એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. વારંવાર મુસાફરોના ખિસ્સા કપાય છે. પીક પોકેટીંગનો ભોગ બનતા મુસાફરોમાં ભયની લાગણી વ્યાપી છે. બીજીતરફ હાલ વરસાદી દિવસોમાં એસ ટી ડેપોમાં મુસાફરોને ઉભા રહેવા માટે સલામત છત પણ નસીબ થતી નથી. જેના લીધે વરસાદી પાણીમાં ભીંજાતા મુસાફરો તોબા પોકારી ગયા છે. ગાંધીનગર ડેપોમાં રીનોવેશનની યોજનાનુ કામ હાથ ધરવા માટે પણ નિર્ણય લેવાયો છે. પરંતુ આ કામગીરી પણ વિલંબમાં પડતા ડેપો સંકુલમાં જરૂરી સુવિધાઓ ઉભી કરી શકાઈ નથી. જેના લીધે મુલાકાતીઓને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. છેલ્લા ઘણાં સમયથી વરસાદી દિવસોમાં ડેપોની છતમાંથી પાણી ટપકતા મુલાકાતીઓએ વરસતા વરસાદમાં બસની વાટે ક્યાં ઉભા રહેવુ તે પણ પ્રશ્ન સર્જાયો છે. ડેપો સંકુલમાં બાકડાની બેઠક પર પણ વરસાદી પાણી ટપકે છે. બસ સ્ટેન્ડમાં ૧ થી ૫ નંબરના સ્ટેન્ડ પર સતત પાણી ટપકતા મુસાફરો પરેશાન છે. ત્વરિત અસરથી આ દુવિધા દુર કરવા માટે પણ સ્થાનિકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ૩૦ સપ્ટેમ્બરના રોજ અરબી સમુદ્રમાં હવાનું હળવું દબાણ સર્જાશે

ગુજરાતમાં આગામી ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ધોધમાર વરસાદની શક્યતા છે. પાટણ, મહેસાણા, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, અમરેલીમાં અતિભારે વરસાદ પડી શકે છે. તો પોરબંદર, બોટાદ, ગાંધીનગર, અમદાવાદ, ભાવનગર, ડાંગ, તાપી, સુરત, નવસારી, વલસાડમાં રેડ એલર્ટ અપાયું છે. હવામાન વિભાગના મતે કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં પણ ભારે વરસાદ પડી શકે છે.

# કોંગ્રેસના ૧૦ ધારાસભ્યોનું સસ્પેન્સન રદ કરાયું

ગાંધીનગર ,તા.૨૮

ગુજરાત વિધાનસભા ગૃહમાં વિપક્ષ કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે કોરોનાકાળમાં રાજ્યમાં લાખો લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. તેમણે સરકાર પર ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે, ઓક્સિજન, ડોક્ટર, બેડ આ તમામની અછત અને અભાવના કારણે ગુજરાતમાં લાખો લોકોએ જીવ ગુમાવ્યા અને આ માટે ભાજપની સરકાર જ જવાબદાર છે માહિતી અધિકાર અધિનિયમથી હેઠળ મળેલી માહિતીના આધારે કોંગ્રેસે દાવો કર્યો છે કે, અત્યાર સુધી કોરોનાથી રાજયમાં ૩.૩૪ લાખથી વધુ લોકોના મોત થયા છે.ત્યારે સરકાર કોરોનાથી મોતના આંકડા છુપાવી નિષ્ફળતાઓ છુપાવવાનો પ્રયાસ કરી રહી હોવાનો પરેશ ધાનાણીએ ગંભીર આક્ષેપ કર્યો છે.કોંગ્રસના સભ્યોએ કોરોના મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ અધ્યક્ષને પ્લે કાર્ડ બતાડીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. તેમજ અમુક ધારાસભ્યો વેલ તરફ પણ ઘસી ગયા હતા. જેના પગલે અધ્યક્ષે કોંગ્રેસના ૧૦ ધારાસભ્યોને પ્રશ્નોતરી કાળ દરમ્યાન સસ્પેન્ડ કર્યા હતા. જો કે તેની બાદ ગૃહ મુલતવી રાખવામાં આવ્યું હતું. તેમજ આ દરમ્યાન ભાજપના સિનિયર ધારાસભ્ય અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે સમજાવટ બાદ ૧૦ ધારાસભ્યોનું સસ્પેન્સન રદ કરવામાં આવ્યું હતું.

## CNG-PNG ગેસમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને બીપી પીએલસી જેવા ઉંડા પાણીના વિસ્તારોમાં ગેસના દર આગામી મહિને વધીને ૭.૪ ડોલર પ્રતિ એમએમબીટીયૂ થઈ જશે. આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીના રિપોર્ટ અનુસાર સિટી ગેસ ડિસ્ટ્રીબ્યૂટસને ઓક્ટોબરમાં ભાવમાં ૧૦-૧૧ ટકાનો વધારો કરવો પડશે. આંતરરાષ્ટ્રીય બજારોમાં ચલણના અનુસાર એપ્રિલ ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૨ માં છઁસ ગેસના ભાવ ૫.૯૩ અમેરિકી ડોલર પ્રતિ દ્બદ્બમ્ અને ઓક્ટોબર ૨૦૨૨થી માર્ચ ૨૦૨૩ દરમિયાન ૭.૬૫ અમેરિકી ડોલર પ્રતિ દ્બદ્બમ્ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. એટલે એપ્રિલ ૨૦૨૨માં ઝદ્બ અને પાઈપ્ડ પ્રાકૃતિ ગેસના ભાવમાં ૨૨-૨૩ ટકા અને ઓક્ટોબર ૨૦૨૨ માં ૧૧-૧૨ ટકાનો વધારો થશે. છઁસ ગેસની કિમત હ્લરૂ૨૨ ની પહેલી છમાસિકમાં ૧.૭૯ ડોલર પ્રતિ દ્બદ્બમ્ થી હ્લરૂ૨૩ ની બીજી છમાસિકમાં ૭.૬૫ ડોલર પ્રતિ દ્બદ્બમ્ સુધી વધવાનો અર્થ સ્ન્ અને ઁન્ઓક્ટોબર ૨૦૨૧ થી ઓક્ટોબર ૨૦૨૨ દરમિયાન ૪૯-૫૩ ટકાનો વધારો કરવો પડશે. ગેસના ભાવમાં વધારા થી ઓએનજીસી અને ઓઈલ ઈન્ડીયા લિમિટેડની સાથે-સાથે રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ લિમિટેડ જેવી ખાનગી કંપનીઓના માર્જિનને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે.

## શખ્સ પકડાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો, એવો પ્રયત્ન કરનાર કેટલાક આતંકવાદીઓએ સેનાને ઠાર માર્યા છે. ઉરી સેક્ટરમાં ગત ૫ દિવસમાં ૪ આતંકીઓને ઠાર માર્યા છે. સેના અનુસાર, ૧૮ સપ્ટેમ્બરથી જ ઉરી સેક્ટરમાં સતત ઘૂસણખોરીનો પ્રયત્ન થઈ રહ્યો હતો. ૨૩ સપ્ટેમ્બરે જ ત્રણ આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા, તેની સાથે રહેલા બે આતંકી ત્યારે અહીંથી બચી નીકળ્યા હતા. સેના દ્વારા આ બે ની તપાસ ત્યારથી ચાલી રહી હતી, જેમાંથી હવે એક મરી ચૂક્યો છે અને એકને જીવતો પકડવામાં આવ્યો છે, અહીં ચાલેલી લાંબી અથડામણમાં સેનાના કેટલાક જવાનોને ઈજા પણ પહોંચી છે. ભારતીય સેનાના અધિકારી દ્વારા જાણકારી આપવામાં આવી છે કે પાકિસ્તાન દ્વારા જમ્મુ-કાશ્મીરની શાંતિ બગડવાને લઈને આવુ કરવામાં આવી રહ્યુ છે. પાકિસ્તાની સેના છેલ્લા કેટલાક સમયથી આવી પ્રયત્નમાં એકઠી છે.

## સીએમઆર ગ્રીન ટેકનોલોજીસ લિમિટેડે સેબીમાં ડીએરએચપી ફાઈલ કર્યુ

સીએમઆર ગ્રીન ટેકનોલોજીસ લિમિટેડ ("સીએમઆર" અથવા "કંપની")એ સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)માં એના આઈપીઓના સંબંધમાં ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે.

સીએમઆર ગ્રીન ટેકનોલોજીસ લિમિટેડ સ્થાનિક એલ્યુમિનિયમ રિસાઈકલિંગ ઉદ્યોગમાં સૌથી મોટી મેટલ રિસાઈકલર છે અને દુનિયામાં સૌથી મોટી એલ્યુમિનિયમ રિસાઈકલર છે. (સ્તોત્રઃ ક્રિસિલનો રિપોર્ટ). કંપની મુખ્યત્વે એલ્યુમિનિયમના રિસાઈકલિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે એલ્યુમિનિયમની મિશ્ર ધાતુઓનું ઉત્પાદન કરવા તથા એનો પ્રવાહી તેમજ સોલિડ ઈંગ્નોટ સ્વરૂપે પુરવઠો પ્રદાન કરવા એલ્યુમિનિયમ આધારિત મેટલ સ્ક્રેપની તેમજ ઝિંકની મિશ્ર ધાતુઓનું ઉત્પાદન કરવાની પ્રક્રિયામાં સંકળાયેલી છે.

અત્યારે સીએમઆર ગ્રીન ટેકનોલોજીસ ૧૨ ઉત્પાદન સુવિધાઓ દ્વારા કાર્યરત છે, જેમાંથી ૧૦ સુવિધાઓ ભારત અને વિદેશમાં એલ્યુમિનિયમ રિસાકલિંગ કામગીરીઓ હાથ ધરવા, ઓટોમોટિવ ઉત્પાદન ક્ષેત્રમાં લક્ષિત કંપનીઓ માટે કામ કરે છે. કંપનીએ કાર્યકારી કાર્યદક્ષતા વધારવા અને લોજિસ્ટિકસ ખર્ચ ઘટાડવા ગુજરાતમાં કોલ્ડ રિફાઈનિંગ પ્લાન્ટ સ્થાપિત કરવાની પ્રક્રિયા પણ હાથ ધરી છે. ઉપરાંત કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાં બાલાસરમાં એક સુવિધા સ્થાપિત કરી છે, જેના દ્વારા કંપની ઈલેક્ટ્રિક મોટર્સને ડિસ્મેન્ટલ કરવાની વ્યવસાયિક કામગીરી કરે છે, જે મુખ્યત્વે સ્થાનિક રિસાઈકલિંગ ઉદ્યોગ અને ધાતુઓના વેપારીઓને સેવા આપે છે. વળી સીએમઆર ગ્રીન ટેકનોલોજીસે ગુજરાતના ખેડા જિલ્લામાં એક સુવિધા સ્થાપિત કરવાની પ્રક્રિયા હાથ ધરી છે, જે ૧૬ જુલાઈ, ૨૦૨૦ના રોજ કેન્ટ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક પ્રાઈવેટ લિમિટેડ ("કેન્ટ") સાથે થયેલી એની સંયુક્ત સાહસની સમજૂતી સાથે સંબંધિત છે, જેનો આશય ઈએલવીનું ડિસ્મેન્ટલિંગ, શ્રેડિંગ અને સોર્ટિંગ કરવાનો છે.



# લીંબડીયા કેનાલના મેઈન બ્રીજના છેડાનું વરસાદથી ધોવાણ થતાં કામગીરી હાથ ધરવા માંગ

ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામે સોમવારની રાત્રીએ હળવાથી મધ્યમ પાછોતર વરસાદના કારણે લીંબડીયા મેઈન કેનાલ નેશનલ હાઈવે-૮ના બ્રીજની નરોડા તરફ જવાના બ્રીજ છેડા તરફની દિવાલનું ભારે ધોવાણ થવાથી અવરજવર કરતાં વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો. આ ધોવાણને લીધે હાલ કોઈ જાનમાલને નુકસાન થવા પામ્યું નથી. પણ વધુમાં થયેલ ધોવાણનું નજીકના સમય અને સંજોગોમાં જાનમાલ અને બધા જીવોને જોખમરૂપ થાય તેવું જણાઈ આવતા ધોવાણ દિવાલનું યુદ્ધના ધોરણે રીપેરીંગ કામ હાથ ધરાય તેવી તાલુકા પંચાયત વિકાસ અધિકારીને લીંબડયા ગ્રામ પંચાયતના સરપંચ હર્ષદભાઈ બી. પટેલ લેખિતમાં જાણ દ્વારા રજૂઆત કરી છે.